ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

આગામી બે વર્ષમાં ગાંધીનગર ફૂલોની નગરી તરીકે ઓળખાશે

શહેરના માર્ગોની ઓળખ કલર કોડથી થશે : વન વિભાગ દ્વારા આ કવાયતને વેગીલી બનાવવામાં આવી

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરને ફૂલોની નગરી તરીકેની ઓળખ આગામી બે વર્ષમાં પ્રસ્થાપિત થઈ જશે. વન વિભાગ દ્વારા આ કવાયતને વેગીલી બનાવવામાં આવી છે.

શહેરમાં આ વખતે રોડ સાઈડ પ્લાન્ટેશન જે હાથ ધરવામાં આવ્યુ છે તેમાં માર્ગોને અપાયેલ કલર કોડ મુજબના ફૂલ ઝાડના વાવેતરની પ્રથમ હરોળમાં વાવણી કરવામાં આવી છે. આ કલર કોડના અમલીકરણ માટે ખાસ ધ્યાન પણ વન વિભાગની ટીમો આપશે.

ગાંધીનગર શહેરમાં રોડ સાઈડનું પ્લાન્ટેશન આમ તો તેના અંતિમ તબક્કામાં પ્રવેશી ચુક્યુ હોવાનું તંત્રના સૂત્રો કહી રહ્યા છે અને જે થોડી ઘણી જગ્યાઓ ફેન્સીંગ કરેલા વિસ્તારમાં ખુલ્લી પડી છે ત્યાં આ સપ્તાહમાં વાવેતર પૂર્ણ કરી દેવામાં આવશે.

ગાંધીનગર શહેરના માર્ગોને કલર કોડથી ઓળખ આપવાનું સરકારનું સ્વપ્ન હવે સાકાર થવા જઈ રહ્યુ છે. આ માટેની લગભગ તૈયારીઓ પૂરી થઈ ગઈ છે હવે આગામી બે વર્ષમાં આ વૃક્ષો પર ફૂલો બેસવાનું શરૂ થતાં જ નગરને અલગ નજારો ઉભો થશે તેવો વિશ્વાસ વન વિભાગના સૂત્રો વ્યક્ત કરી રહ્યા છે.

જે કલર કોડની નવી ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે તેમાં આડા રોડને ધ્યાને લેવામાં આવ્યા છે. ગાંધીનગર શહેરમાં ૭ આડા મુખ્ય માર્ગ અને ૭ ઉભા મુખ્ય માર્ગમાં વહેંચાયેલુ નગર છે.

વન વિભાગના વિશ્વસનીય સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે રોડ નં. ૧ - ક રોડ પર સફેદ કલરના ફૂલો જોવા મળશે. રોડ નં. ૨ - ખ રોડ પર લીલા કલરના વૃક્ષો જોવા મળશે.

રોડ નં. ૩ - ગ રોડ પર વાદળી કલરના ફૂલો, રોડ નં. ૪ - ઘ રોડ પર કેસરી કલરના ફૂલો, રોડ નં. ૫ - ચ રોડ પર પીળા કલરના ફૂલો, રોડ નં. ૬ - છ રોડ પર ગુલાબી રંગના ફૂલો તેમજ રોડ નં. ૭ - જ રોડ પર લાલ રંગના ફૂલો જોવા મળશે.

તંત્ર દ્વારા આ વર્ષે ૪૦ હજાર જેટલા વૃક્ષો આ કલર કોડને ધ્યાને રાખી વાવેતર કરવામાં આવ્યુ છે. એલ સેપમાં આ વૃક્ષો અને ફૂલોથી નગરનો નજારો અનોખો જોવા મળશે. વાવેતર કરાયેલા વૃક્ષોને ફૂલ આવતાં બે વર્ષ જેટલો સમય લાગશે તેમ આ સૂત્રોએ જણાવ્યુ છે.

ગાંધીનગર સિવિલમાં મોઢાના કેન્સરના દર્દીની સફળ સર્જરી

સિવિલ હોસ્પિટલના ઈતિહાસમાં પ્રથમ વખત મોઢાના કેન્સરની સફળ સર્જરી : ડો. યોગેશ ગજ્જર અને તેમની ટીમે ચાર કલાકની શસ્ત્રક્રિયા બાદ દર્દીને રાહત આપી

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર સિવિલના ઈએનટી વિભાગ દ્વારા મોઢાના કેન્સરના દ્વિતિય સ્ટેજના દર્દીની સફળ સર્જરી કરવામાં આવી છે. લગભગ ચાર કલાક ચાલેલા આ ઓપરેશનથી દર્દીને રાહત થઈ છે.

ગાંધીનગર સિવિલના ઈએનટી વિભાગમાં વિજાપુર જિલ્લાના એક ગામનો દર્દી દસેક દિવસ પહેલા બતાવવા આવ્યો હતો. તમાકુ ખાવાની ટેવ ધરાવતા આ દર્દીની જીભ પર ચાંદુ પડી ગયુ હતુ. જે ન મટતા તેણે સિવિલમાં બતાવ્યુ હતુ. ઈએનટી વિભાગના વડા ડૉ. યોગેશ ગજ્જર અને તેમની ટીમે તેની સારવાર શરૂ કરી હતી અને જરૂરી રીપોર્ટ કરાવ્યા હતા.

રીપોર્ટમાં બીજા સ્ટેજનું કેન્સર હોવાનું સામે આવતા દર્દીની સર્જરી કરવાનુ નક્કી કરાયુ હતુ. લગભગ ચાર કલાક સુધી ચાલેલી સર્જરી બાદ દર્દીને દર્દમાંથી મુક્તિ અપાવી હતી અને આગળની સારવાર ચાલુ કરાવી હતી. આ સર્જરીમાં ડૉ. નીકી ગજ્જર અને ડૉ. પ્રિયા સવસાનીએ આસીસ્ટ કર્યુ હતુ.

રાજ્યના કર્મચારીઓને સાતમા પગારપંચ મુજબ ભથ્થાઓ આપવા પુનઃ રજૂઆત

ગાંધીનગર, તા. ૪

રાજ્ય સરકારના કર્મચારીઓને કેન્દ્ર સરકારના કર્મચારીઓના ધોરણે સાતમા પગાર પંચ મુજબના તમામ લાભો આપવાનુ ઠેરવ્યુ હોવા છતાં રાજ્ય સરકાર કર્મચારીઓને હજુ સુધી સાતમા પગાર પંચ મુજબના ભથ્થાઓ મળતા નથી. આ બાબતે ધી ગુજરાત સચિવાલય સેક્શન અધિકારી એસોસિએશને સરકાર સમક્ષ રજૂઆત કરી છે.

કર્મચારીઓના પ્રશ્નોના હકારાત્મક ઉકેલ માટે રચાયેલ મંત્રીઓની સમિતિ સાથે અમારા મંડળ સહિતના અન્ય મંડળોની ચર્ચાઓ અને વાટાઘાટોના અંતે સરકારી કર્મચારીઓના ૧૫ જેટલા પડતર પ્રશ્નોનો હકારાત્મક ઉકેલ લાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

સરકારી કર્મચારીઓના પ્રશ્નોમાંથી ઘણા પ્રશ્નો બાબતે સરકારશ્રી તરફથી ઠરાવ કરવામાં આવ્યો છે તેને એસોસિએશન આવકારે છે. પરંતુ સાતમા પગાર પંચના બાકી ભથ્થાઓ આપવા બાબતે હજી સુધી કોઈ ઠરાવ કરવામાં આવ્યો નથી.

કેન્દ્ર સરકારના અધિકારી/કર્મચારીઓ માટે દેશના શહેરોને એક્સ, વાય, ઝેડ વર્ગમાં વર્ગીકૃત કરી, અનુક્રમે ૨૪ ટકા, ૧૬ ટકા અને ૮ ટકા ઘર ભાડા ભથ્થુ (એચઆરએ) નિયત કરવામાં આવ્યુ છે તેમજ મોંઘવારી ભથ્થુ ૨૫ ટકા કરતા વધી જાય ત્યારે એક્સ, વાય અને ઝેડ વર્ગના શહેરો માટે ઘર ભાડા ભથ્થુ (એચઆરએ) અનુક્રમે ૨૭ ટકા, ૧૮ ટકા અને ૯ ટકા નિયત કરવામાં આવ્યુ છે. તેજ રીતે જો મોંઘવારી ભથ્થુ ૫૦ ટકા કરતા વધી જાય તો એક્સ, વાય અને ઝેડ વર્ગના શહેરોને અનુક્રમે ૩૦ ટકા, ૨૦ ટકા અને ૧૦ ટકા એચઆરએ નિયત થાય તેવી જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત ઉક્ત વર્ગના શહેરો માટે લઘુત્તમ ઘરભાડા ભથ્થા (એચઆરએ) અનુક્રમે રૂ. ૫૪૦૦, રૂ. ૩૬૦૦ અને રૂ. ૧૮૦૦ નિયત કરવામાં આવ્યુ છે.

જ્યારે રાજ્ય સરકારના નાણા વિભાગના ઠરાવથી રાજ્ય સરકારના અધિકારી/કર્મચારીઓ માટે રાજ્યના શહેરોને એક્સ, વાય અને ઝેડ વર્ગમાં વર્ગીકૃત કરી, અનુક્રમે ૨૪ ટકા અને ૮ ટકા ઘર ભાડા ભથ્થુ (એચઆરએ) નિયત કરવામાં આવ્યુ છે, પરંતુ તેમાં કેન્દ્ર સરકારના ધોરણે મોંઘવારી ભથ્થુ ૨૫ ટકા અને ૫૦ ટકા કરતા વધી જાય ત્યારે એક્સ, વાય અને ઝેડ વર્ગના શહેરો માટે ઘરભાડા ભથ્થુ (એચઆરએ)માં વધારો કરવાની જોગવાઈ કરવામાં આવ્યો નથી. તેમજ ઉક્ત વર્ગના શહેરો માટે લઘુત્તમ ઘરભાડા ભથ્થુ (એચઆરએ) નિયત કરવામાં આવ્યુ નથી.

હાલ મોંઘવારી ભથ્થુ ૨૫ ટકા કરતા વધી ગયેલ હોઈ ગુજરાત

● અનુસંધાન પાન-૭ પર

હવે, ૯મી જુલાઈ બાદ વરસાદનો બીજો રાઉન્ડ

ગાંધીનગર, તા. ૪

ચોમાસાના પ્રારંભે જ જોરદાર બેટીંગ કરનાર મેઘરાજાએ ભલે હમણાં વિરામ લીધો હોય પરંતુ થોડાક જ સમયમાં વરસાદનો બીજો રાઉન્ડ શરૂ થઈ જશે. હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી ૯ મી જુલાઈથી વરસાદનો બીજો રાઉન્ડ શરૂ થઈ જશે.

ગુજરાતમાં હાલ વરસાદી માહોલ જામ્યો છે. અનેક જિલ્લાઓમાં છેલ્લા એક સપ્તાહથી ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. ૭મી અને ૮મીએ રાજ્યભરમાં ભારે વરસાદની શક્યતા હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગની આગાહી અનુસાર રાજ્યમાં વરસાદી માહોલ રહેશે. પૂર્વ-પશ્ચિમ તરફનું દબાણ વધવાના લીધે અસર જોવા મળશે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ૭ જુલાઈના રોજ અમરેલી, ભાવનગર, જૂનાગઢ, બોટાદ, ગીર સોમનાથ, સુરત, તાપી, ડાંગ, નવસારી અને વલસાડ જિલ્લામાં ભારે વરસાદ વરસશે.

હવામાન વિભાગના મતે ૪ જુલાઈથી પવનની ગતિ વધશે. આ કારણોસર ૪ થી ૭ જુલાઈ સુધી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે. અમદાવાદમાં સામાન્ય વરસાદની આગાહી કરાઈ છે.

ગુજરાતમાં આગામી દિવસોમાં બે તબક્કામાં મન મુકીને મેઘરાજા વરસશે. ૭ થી ૧૫ જુલાઈ દરમિયાન સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદ વરસશે. ત્યારબાદ ૨૫ જુલાઈથી ૮ ઓગષ્ટ દરમિયાન ફરી એક વખત સારો વરસાદ વરસશે.

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં પાર્કિંગ પોલીસીની વાતો અટવાઈ ત્યાં બે મહિનામાં જ ૩૨૦૦થી વધુ નવા વાહનો નોંધાયા

ટુ વ્હીલર અને ફોર વ્હીલરનો ક્રેઝ શહેરમાં વધી રહ્યો છે, બે મહિનામાં ૧૭૦૦ ટુ વ્હીલર તો ૧૩૦૦ ફોર વ્હીલરની નોંધણી થઈ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરમાં વાહનોની સંખ્યા વધુ ઝડપથી વધી રહી છે અને આગામી દિવસોમાં ટ્રાફિક તેમજ પાર્કિંગની સમસ્યા વધુ ઘેરી બનશે તેમ મનાઈ રહ્યુ છે.

શહેરમાં ટુ વ્હીલર અને ફોર વ્હીલર વાહનોનો ક્રેઝ નગરજનોમાં વધી રહ્યો છે. મળતી વિગતો મુજબ છેલ્લા બે મહિનામાં જ ગાંધીનગર શહેરમાં ૩૨૦૦થી વધુ વાહનો નવા નોંધાયા છે.

ગાંધીનગર શહેરમાં ૧૭૦૦ જેટલા નવા ટુ વ્હીલર અને ૧૩૦૦થી વધુ ફોર વ્હીલરની નોંધણી થઈ છે. શહેરમાં થ્રી વ્હીલર પણ ૧૭૦થી વધુ નોંધાયા છે એટલુ જ નહિ અન્ય વાહનો પણ ૬૦થી વધુ નોંધાયા હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં વાહનોની સંખ્યા જે રીતે વધી રહી છે તે જોતાં આગામી દિવસોમાં ટ્રાફિક અને જાહેર પાર્કિંગની સમસ્યા વધુ વિકરાળ બનીને ઉભરી આવશે.

ગાંધીનગર શહેરમાં જાહેર પાર્કિંગ માટેની નવી નીતિ તૈયાર કરવા માટે મનપા દ્વારા છેલ્લા બે વર્ષથી કવાયત કરાઈ રહી છે પરંતુ તેમાં હજુ આગળ વધી શકાયુ નથી. વાહનોની સંખ્યા અને નવા વાહનોનો ક્રેઝ આ સમસ્યાને વધુ ને વધુ અવરોધી રહ્યાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો મુજબ ગાંધીનગર શહેરમાં જે રીતે સર્વિસ સેક્ટર ડેવલપ થઈ રહ્યુ છે તેમજ નોલેજ હબ તરીકે જે રીતે આગળ વધી રહ્યુ છે તેને કારણે યુવાનોની પ્રથમ પસંદગી ટુ વ્હીલર બનેલ છે.

ઈલેક્ટ્રીક વાહનોની નોંધણી ટુ વ્હીલર ઓછી થઈ રહી છે. શહેરમાં પેટ્રોલની ડિમાન્ડ પણ વધી રહી છે. બીજી તરફ પરિવારોની સંખ્યા શહેરની હદ વધતાં વધવા પામી છે અને ફેમિલી કારની પસંદગી ઉપરાંત નવા મોંઘા વાહનોની ખરીદીનો ક્રેઝ પણ વધવા પામ્યો છે.

શહેરમાં આગામી દિવસોમાં પાર્કિંગ પોલીસી અમલી નહિ હોય તો અકસ્માતોના પ્રમાણમાં પણ વધારો થવાનો ભય વધી રહ્યો છે. શહેરમાં ટ્રાફિક નિયમન ભંગની ફરિયાદોના પ્રમાણમાં વધારો થવા પામ્યો છે. આ દિશામાં તંત્ર, પદાધિકારીઓ ગતિ નિયંત્રણના કડક અમલીકરણની દિશામાં સક્રિય બને તે પણ જરૂરી હોવાનું નગરજનોની ચર્ચાનો મુદ્દો બનેલ છે.

વરસાદની સિઝન શરૂ થઈ ચૂકી છે. જૂન મહિનામાં જ સારો એવો વરસાદ વરસી ચૂક્યો છે. પહેલો વરસાદ પડતા જ શહેરની વચ્ચોવચ વાવણીનો પ્રારંભ થયો છે. વર્ષો અગાઉ ગાંધીનગરની સ્થાપના માટે જમીન આપનાર ખેડૂતો તેમની ખુલ્લી જમીનમાં ખેતી કરવાનો અધિકાર ધરાવે છે. અહીં પિયતની સુવિધા ન હોવાથી માત્ર ચોમાસામાં જ અહીં ખેતી શક્ય બને છે. સેક્ટર-૧૧માં હજુ આવી ખુલ્લી જમીનો છે જેના પર તેના મૂળ માલિક ખેડૂતો નાની મોટી ખેતી કરી રહ્યા છે.

ગુજરાતમાં કુલ ૪૦.૪૬ લાખ હેક્ટરમાં ખરીફ પાકોનું વાવેતર

ગાંધીનગર, તા.૪

ગુજરાતમાં ચોમાસાના સત્તાવાર આગમન સાથે જ સાર્વત્રિક વરસાદ થતા રાજ્યના ખેડૂતો ખુશ-ખુશાલ થયા છે. કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, કચ્છ અને સૌરાષ્ટ્ર સહિત ગુજરાતભરમાં ગત અઠવાડિયા દરમિયાન વાવણી લાયક વરસાદ થતા ખેડૂતોએ ખરીફ પાકોનું પુષ્કળ પ્રમાણમાં વાવેતર શરુ કરી દીધું છે. રાજ્યના ખેડૂતો માટે આ વર્ષ ખૂબ જ લાભદાયી નીવડશે. રાજ્યમાં વરસાદનું સમયસર આગમન થતા આ વર્ષે વાવેતર વિસ્તારમાં વધારો થશે તેમજ સારા વરસાદના પરિણામે ખેડૂતોને પણ સારી ઉપજ મળશે, તેવી મંત્રીશ્રીએ આશા વ્યક્ત કરી હતી.

કૃષિ મંત્રીશ્રીએ ચાલુ વર્ષે ૩ જુલાઈ સુધીમાં રાજ્યમાં થયેલા વાવેતરની વિગતો આપતા જણાવ્યું હતું કે, રાજ્યમાં સાર્વત્રિક વરસાદ થતા ખરીફ પાકના વાવેતરમાં ગત વર્ષની સરખામણીએ આ વર્ષે આશરે ૧૦ લાખ હેક્ટરનો વધારો થયો છે. રાજ્યમાં અત્યારસુધીમાં કુલ ૪૦.૪૬ લાખ હેક્ટર જમીનમાં ખરીફ પાકોનું વાવેતર થયું છે. ગત વર્ષે આ સમયગાળા દરમિયાન રાજ્યમાં કુલ ૩૦.૨૦ લાખ હેક્ટરમાં વાવેતર થયું હતું. છેલ્લા ૩ વર્ષની સરેરાશ કાઢતા સામાન્ય રીતે રાજ્યમાં કુલ ૮૫.૯૭ લાખ હેક્ટર વાવેતર વિસ્તારની સામે ચાલુ વર્ષે અત્યારસુધીમાં ૪૭.૦૭ ટકા જેટલા વિસ્તારમાં વાવેતર થઈ ગયું છે.તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, કપાસના ઉત્પાદનમાં ગુજરાત દેશમાં અગ્રેસર છે, અને દર વર્ષે ખરીફ ઋતુ દરમિયાન રાજ્યમાં કપાસનું સૌથી વધારે વાવેતર થાય છે. આ વર્ષે પણ રાજ્યમાં અત્યારસુધીમાં સૌથી વધુ કુલ ૨૦.૨૫ લાખ હેક્ટરમાં કપાસનું વાવેતર કરવામાં આવ્યું છે. ગત વર્ષે આ સમયગાળા દરમિયાન કપાસનું ૧૫.૨૬ લાખ હેક્ટરમાં વાવેતર કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર જિલ્લામાં યોજનાકીય વિકાસ કામોની સમીક્ષા કરતાં ગૃહરાજ્ય મંત્રી

ગાંધીનગર જિલ્લામાં વિવિધ ૪૯ વિકાસ યોજના પર થયેલી કામગીરીની વિસ્તૃત માહિતી તમામ અધિકારીઓ પાસેથી મંત્રી શ્રી હર્ષ સંઘવીએ મેળવી

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જિલ્લામાં મહત્વપૂર્ણ ૪૯ યોજનાકીય વિકાસ કામોની સમીક્ષા બેઠક ગૃહ

રાજ્ય મંત્રી અને ગાંધીનગર જિલ્લા પ્રભારી મંત્રી શ્રી હર્ષ સંઘવીના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી.

આ બેઠકમાં ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ ગાંધીનગર જિલ્લામાં વિકાસકીય યોજનાઓ અંતર્ગત થયેલ કામગીરીનાં પ્રગતિ અહેવાલ ઉપસ્થિત સર્વે અધિકારીઓ પાસેથી મેળવ્યા હતા. તેમણે સરકારની વિવિધ યોજનાકીય સહાય લાભાર્થીઓને સરળતાથી અને ઝડપી મળી રહે તે રીતે કામગીરી કરવા માટે સર્વે અધિકારીઓને ભારપૂર્વક જણાવ્યું હતું. યોજનાકીય લાભ સાચા લાભાર્થીને જ મળે તેનું ધ્યાન રાખવા પણ જણાવ્યું હતું.

મંત્રીશ્રીએ યોજનાકીય કામોની વિગત મેળવ્યા બાદ આગામી સપ્તાહમાં આ યોજનાઓની કામગીરીની સમીક્ષા બેઠક કરવા પણ જણાવ્યું હતું. આ બેઠકમાં એન.એફ.એસ.એ. રેશનકાર્ડ, પ્રધાનમંત્રી જનધન યોજના, ઉજ્જ્વલા યોજના, પ્રધાનમંત્રી જીવન સુરક્ષા યોજના, પૂરક પોષણ યોજના, પ્રધાનમંત્રી જીવન જયોત વિમા યોજના, બાળકો માટે રમકડાની બેંક, પ્રાકૃતિક કૃષિ અંતર્ગત તાલીમ, લાડુ વિતરણ યોજના, વિધવા સહાય યોજના, પ્રધાનમંત્રી માતૃવંદના યોજના, વ્યક્તિગત શૌચાલય, જનની સુરક્ષા યોજના, કસ્તુરબા પોષણ સહાય યોજના, પ્રધાનમંત્રી કિસાન યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રામીણ) જેવી વિવિધ ૪૯ યોજનાઓની કામગીરીની સમીક્ષા ગૃહ રાજ્ય મંત્રીશ્રી દ્વારા કરવામાં આવી હતી.

આ બેઠકમાં કલેકટર શ્રી હિતેષ કોયાએ સર્વે અધિકારીઓને પોતાની કચેરીમાંથી યોજનાકીય કામોની સચોટ માહિતી મેળવી

● અનુસંધાન પાન-૭ પર

સસ્પેન્ડ ઉચ્ચ સનદી અધિકારી ગૌરવ દહિયાને પરત લેવાયા

દિલ્હીની મહિલાના આક્ષેપ બાદ દહિયાને કરાયા હતા સસ્પેન્ડ : ગુજરાત સરકારે ગૌરવ દહિયાને એડિશનલ ડેવલપમેન્ટ કમિશનર તરીકે નિયુક્ત કર્યા છે

ગાંધીનગર, તા.૪

સસ્પેન્ડેડ IAS અધિકારી ગૌરવ દહિયાને લઈને મોટા સમાચાર સામે આવી રહ્યા છે. IAS અધિકારી ગૌરવ દહિયા ને પરત લેવામાં આવ્યા છે. ગૌરવ દહિયાની એડિશનલ ડેવલપમેન્ટ કમિશનર તરીકે નિમણૂંક કરવામાં આવી છે. મહત્વનું છે કે, દિલ્હીની મહિલાએ ગૌરવ દહિયા પર ગંભીર આક્ષેપો લગાવ્યા હતા. મહિલાના આક્ષેપ બાદ ગૌરવ દહિયાને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

ગુજરાત કેડરના IAS ગૌરવ દહિયા સામે દિલ્હીની લીનુ સિંઘ નામની એક મહિલાએ ગંભીર આક્ષેપો લગાવ્યા હતા. ગૌરવ દહિયાનો કેસ હાઈપ્રોફાઈલ અને બહુચર્ચિત હોવાથી પોલીસે આ કેસ અંગે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીને જાણ કરી હતી. ત્યારબાદ રૂપાણીના આદેશથી ગુજરાત સરકારમાં ફરજ બજાવતાં ૩ મહિલા IASની એક તપાસ કમિટીની રચના થઈ હતી.

જેમાં આક્ષેપ લગાવનાર મહિલા લીનુ સિંઘે પોતાના નિવેદનો નોંધાવ્યા હતા. જે બાદ મહિલાઓંછજી સુનયના તોમરે વિજય રૂપાણીને આ અંગે રિપોર્ટ સોપ્યો હતો. તપાસ સમિતિના રિપોર્ટના આધારે ગુજરાત સરકારે ઓગસ્ટ ૨૦૧૯માં તેમને સસ્પેન્ડ કરી દીધા હતા.

તો બીજી તરફ ગૌરવ દહિયાના વકીલ દ્વારા દહિયા સામે થયેલા તમામ આરોપો ખોટા હોવાનું જણાવ્યું હતું. આ મામલે જુલાઈ ૨૦૨૦માં ગૌરવ દહિયાના વકીલે નિવેદન આપ્યું હતું કે, લીનુ સિંઘના તમામ આક્ષેપો કોર્ટમાં ખોટા પુરવાર થયા છે. જુલાઈ ૨૦૧૯માં ખોટી ફરિયાદ કરી હતી.ગૌરવ દહિયાના વકીલે જણાવ્યું હતું કે, લીનુ સિંઘે પૈસા પડાવવા માટે ફરિયાદ કરી હતી. ૨૦ કરોડ રૂપિયા અને દિલ્હીમાં મકાનની ડિમાન્ડ પૂરી ન થતા ષડયંત્ર રચ્યું હતું. વર્ષ ૨૦૧૫માં જ લીનુ સિંઘના કુલદીપ દિનકર નામના વ્યક્તિ સાથે લગ્ન થઈ ચૂક્યાં હતા. ત્યાર બાદ આ બંન્નેએ ભેગા મળી ગૌરવ દહિયાને ફસાવી અને પૈસા પડાવવા માટે કાવતરું ઘડ્યું હતું. ગાઝિયાબાદથી લીનુ સિંઘના મેરેજ ડોક્યુમેન્ટ પણ મળ્યા છે.

દિલ્હી હાઈકોર્ટે પણ આ કેસમાં લીનુ સિંઘ સામે લાલ આંખ કરીને પ્રીમા ફાસી એટલે કે હાલના તબક્કે ગૌરવ દહિયાને મોટી રાહત આપી હતી. આ ઉપરાંત કોર્ટે લીનુ સિંઘ અથવા તેમના સાથીઓ દ્વારા ફેલાવવામાં આવેલા અને ગૂગલ, ફેસબુક, ટ્વીટર જેવી વેબસાઈટ ઉપર ગૌરવ દહિયાને લગતા અને આ કેસને લગતા લખાણો, પોસ્ટ્સ અને કોઈ પણ પ્રકારના સાહિત્યને દૂર કરીને અથવા તે કન્ટેન્ટને બ્લોક કરી દેવાની સૂચના આપી હતી.

ગુજરાત વિદ્યાપીઠની ઓચિંતી મુલાકાતે પહોંચેલા રાજ્યપાલશ્રી

રિનોવેશનની કામગીરીનું નિરીક્ષણ કર્યું

ગાંધીનગર, તા.૪

ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે ગુજરાત વિદ્યાપીઠ સંકુલની ઓચિંતી મુલાકાત લઈને અનુસ્નાતક કુમાર છાત્રાલયના રિનોવેશનની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે છાત્રાલયના વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરીને સ્વચ્છતા જાળવવાનો આગ્રહ કર્યો હતો.

રાજ્યપાલશ્રી એ વિદ્યાર્થીઓને અભ્યાસમાં તેજસ્વીતા દાખવવા, સખત મહેનત કરીને ગુજરાત વિદ્યાપીઠનું નામ રોશન કરવા અનુરોધ કર્યો હતો. તેમણે વિદ્યાર્થીઓને વ્યાયામનું મહત્વ સમજાવીને રમત-ગમતમાં પણ વિશેષ રુચિ લેવા આગ્રહ કર્યો હતો.

કુલપતિ શ્રી આચાર્ય દેવવ્રતજી વિધાપીઠ સંકુલમાં આવ્યા હોવાની જાણકારી મળતાં જ કાર્યકારી કુલનાયક શ્રી ડૉ. ભરતભાઈ જોશી અને કાર્યકારી રજીસ્ટ્રાર શ્રી નિખિલભાઈ ભટ્ટ અનુસ્નાતક છાત્રાલય આવીને સાથે જોડાયા હતા.

ગુજરાત વિદ્યાપીઠ સંકુલમાં મુખ્ય કાર્યાલય અને અન્ય ભવનોની મુલાકાત પછી કુલપતિ અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, સ્વચ્છતા એ પૂજ્ય ગાંધીજીનો મુખ્ય વિચાર હતો. તેઓ સ્વચ્છતાના ચુસ્ત આગ્રહી હતા, એટલે ગુજરાત વિદ્યાપીઠ સંકુલમાં સ્વચ્છતા અને સુઘડતાનું વિશેષ ધ્યાન રાખવામાં આવે એ અત્યંત જરૂરી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality

ASTRAL PIPES

Pidilite Roff — TILE & STONE FIXING EXPERT

Birla White — THE WHITEST WHITE CEMENT

VINAYAK 500 — ટી.એમ.ટી. સળીયા

PRINCE PIPING SYSTEMS

Jaquar — experience bathing

DR. FIXIT

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮

શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com